ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓમાં હાશકારો

ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પણ આગામી તા. ૨૧ માર્ચના રોજ પુર્ણ થશે

ગાંધીનગર તા ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં યાજાયેલી બોર્ડ પરીક્ષા આજે પુર્ણ થતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો છે. જયારે વાલીઓએ પણ હાંશ અનુભવી છે. ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા સંદર્ભે શિક્ષણ તંત્ર દ્વારા છેલ્લા ઘણાં સમયથી તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. જયારે જિલ્લામાંથી અંદાજિત ૪૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાના હોવાથી તંત્રએ પણ જિલ્લાની શાળાઓ વિવિધ બિલ્ડીંગોમાં પરીક્ષાલક્ષી બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

પરીક્ષા દરમિયાન

એકબાજુ કોરોના વાયરસના રોગચાળાએ માંથુ ઉંચકતા વાલીઓ વિશેષ ચિંતામાં મુકાયા હતા. પરંતુ હેમખેમ રીતે પરીક્ષા પુર્ણ થતા મુશ્કેલી ટળી હતી. જયારે બોર્ડના પ્રશ્નપત્રોમાં પણ ગણિતના પેપરને બાદ કરતા મોટાભાગના પ્રશ્નપત્રો સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓ હળવાશ અનુભવી રહ્યા છે. જો કે હજુ ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આગામી તા ૨૧ માર્ચના રોજ પુર્ણ થશે. બોર્ડ પરીક્ષાના અંતે વિષય શિક્ષકોને પણ હાંશકારો થયો છે. જિલ્લામાં બોર્ડની પરીક્ષા દરમિયાન એક કોપી કેસ નોધાયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. સી સી કેમેરાની વોચ તેમજ પરીક્ષા સ્થળો પર વર્ગ -૧ અને ૨ ના અધિકારીઓ સતત રાઉન્ડ લેતા હોવાથી પરીક્ષામાં કોઈ ગેરરીતી થઈ હોવાનુ ધ્યાને આવ્યુ નથી. વિદ્યાર્થીઓ હવે ગુજકેટ અને જેઈઈ તેમજ નીટની પરીક્ષા સંબંધિત તૈયારી અંગે આયોજન કરી રહ્યા છે.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ચીંતા ન કરો, એક પણ સદસ્ય કોરોનાના ચેપવાળો હોય અને ગમે તેટલા સસ્તામાં મળે તો પણ નહીં ખરીદીએ....!!

વાત-વાતમાં.....

- ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે મેયર રીટાબેન પટેલે મુલાકાત લીધી હતી. સિવિલ હોસ્પિટલમાં કોરોના વાઈરસના શંકાસ્પદ દર્દી હોવા ઉપરાંત હોસ્પિટલમાં ''સેનેટાઈઝર'' સહિતની વ્યવસ્થાનું મૂલ્યાંકન કરવા આ મુલાકાત લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.
- ગાંધીનગર જિલ્લા પોલીસની સલામતી શાખાના બે જવાનોના તાજેતરમાં અવસાન થયાં હતા. આ બંને જવાનોના પરિવારને જિલ્લા પોલીસ સ્ટાફ દ્વારા બે બે લાખની સહાય રેન્જ આઈજી મયૂરસિંહ ચાવડા અને જિલ્લા પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓની હાજરીમાં ચુકવવામાં આવી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે કોરોના વાઈરસ સામે પ્રતિરોધક ઉકાળાનું સેવન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે ઈ.સેવા સોસાયટીની મહત્વની બેઠક મળી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરીમાં જનસંપર્ક સીધો ધરાવતી શાખાના કર્મયોગીઓને સેનીટાઈઝર અપાયા.
- ગાંધીનગર મનપાના આઉટ સોર્સીંગના કર્મયોગીઓના બાકી પગારને લઈ આજે સત્તાવાળાઓની એક બેઠક મળી હોવાનુ બહાર આવ્યુ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ બાયોમેટ્રીક એટેન્ડન્સ પ્રથા ચાલુ છે તો મનપા પણ આમાંથી બાકાત નથી.

પાનખર પછી વસંત બેઠી છે, ઠેર ઠેર રંગબેરંગી ફૂલો ખીલી ઉઠ્યા છે. નવા પર્ણો અને ફૂલોથી શહેરની આભા વધી છે. જોકે પાનખરમાં ખરેલાં જૂના-ઘરડાં થયેલા પર્ણોનો ઢગલો ઠેર ઠેર ખડકાયેલો જોવા મળી રહ્યો છે. મુખ્ય માર્ગોની વચ્ચે આવેલા ડીવાઈડર પર ખૂબ કચરો એકત્ર થતા તેની સાફ-સફાઈની કામગીરી સફાઈ કર્મચારીઓ કરી રહ્યાં છે.

ગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાં થુંકી ગંદકી ફેલાવનારાઓ પાસેથી ૧૦ હજાર દંડ વસુલાયો

શહેરી વિસ્તારમાં મનપાએ ૮ હજાર રૂ. દંડ વસુલ્યો : આરોગ્ય કમિશનરની કચેરીમાં ટીમે રેડ કરી બે કર્મયોગીઓ પાસેથી જિલ્લા સર્વેલન્સ ટીમે દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં જાહેરમાં થુંકીને ગંદકી ફેલાવનારાઓ સામે તંત્રએ લાલ આંખ કરી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાં થુંકીને ગંદકી કરનારાઓ પાસેથી રૂ. ૧૦હજારનો દંડ વસુલવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રી અને તેમની ટીમ દ્વારા આરોગ્ય કમિશ્નરશ્રીની કચેરીમાં રેડ કરી જાહેરમાં થુંકી અને ગંદકી ફેલાવનાર બે વ્યક્તીઓ પાસેથી દંડ વસુલવામાં આવેલ છે.

બીજી તરફ મનપાના તંત્ર દ્વારા પણ જાહેરમાં થુંકીને ગંદકી ફેલાવનારા ૮ લોકોને પકડી અને રૂ. ૪ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે. તો મનપાતંત્રએ બે દિવસમાં રૂ. ૮ હજારથી વધુનો દંડ વસુલ્યો છે. આમ છેલ્લા બે દિવસથી જાહેરમાં થુંકીને ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી લાલ આંખ કરી છે.

ઉમિયા માતાજી મંદિરે કોરોનાના શમન માટે વિશેષ યજ્ઞ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૧૭-૩-૨૦૨૦ થી ૨૫-૩-૨૦૨૦, ૯ દિવસ સુધી મંદિર ખાતે વિશ્વવ્યાપી કોરોના મહામારીના સમન અને વિશ્વ આરોગ્ય માટે ગાયત્રી મહામંત્ર સાથે મહામૃત્યુંજય મંત્રની આહુતિ માટે વિશેષ યજ્ઞનું આયોજન સમસ્ત કડવા પાટીદાર સમાજ દ્વારા કરવામાં આવેલ છે, જેમાં આહુતિ અર્પણ કરવા સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન સૌ ભાવિભક્તોને લાભ લેવા વિનંતી છે.

ગ્રીમ્કોના ઈન્ચાર્જ મેનેજિંગ ડીરેક્ટર પી. જે. પટેલ સસ્પેન્ડ કરાયા

ઓછી ગુણવત્તા અને હલકી-ઉતરતી કક્ષાના માલ-સામાનની ખરીદીની ગેરરીતિઓ અંગે ગ્રીમ્કોના ઇન્ચાર્જ એમ. ડી. પી. જે. પટેલને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરવાના આદેશો

ગાંધીનગર, તા. ૧૭

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં પારદર્શી અને ભ્રષ્ટાચાર રહિત શાસનની નેમને સાકાર કરતો વધુ એક ઉદાહરણરૂપ દાખલો રાજ્ય સરકારના એક વરિષ્ઠ અધિકારી એ આચરેલી ગેરરીતિઓ અંગે ફરજમોકૂફ-સસ્પેન્ડ કરીને બેસાડયો છે.

મુખ્ય મંત્રીશ્રીએ રાજ્ય સરકારના સાહસ ગ્રીમ્કો દ્વારા ખરીદી કરવામાં આવતા માલ-સામાનમાં ઓછી ગુણવત્તા અને હલકી કે ઉતરતી કક્ષાની ખરીદીની ગેરરીતિઓ આચરનારા ઈન્ચાર્જ એમ. ડી. શ્રી પી. જે. પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ-ફરજ મોકૂફ કરવાના આદેશો કર્યા છે.

મુખ્ય મંત્રીશ્રીએ આ ગેરરીતિઓમાં તથ્ય જણાતાં સમગ્ર પ્રકરણની તપાસ એન્ટી કરપ્શન બ્યુરો મારફતે કરાવવાના આદેશો પણ આપ્યા છે.

અત્રે નિર્દેશ કરવો આવશ્યક છે કે, મુખ્ય મંત્રીશ્રીએ નાણાંકીય ગેરરીતિઓ કે પ્રજાના પૈસાના દુર્વ્યય સામે લાલ આંખ કરીને એ.સી.બી.ને છૂટો દોર આપી ભ્રષ્ટાચારી અધિકારીઓ-કર્મચારીઓને સખત નશ્યત કરવાના અનેક દાખલાઓ પણ ભૂતકાળમાં બેસાડેલા છે.

પેથાપુરમાં જુગાર રમતા ચાર શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર ગામના મોટા ઠાકોરવાસમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે જેની બાતમી પોલીસને મળી હતી. પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડતા જુગાર રમી રહેલા ગામના જ શંકરસિંહ મનુસિંહ ડાભી, બાબુભાઈ રણછોડભાઈ રાવળ, ભરતભાઈ પુજાભાઈ રાવળ, અને વિષ્ણુજી ગાભાજી ઠાકોર ઝડપાઈ ગયા હતા.પોલીસને જુગારીઓની અંગજડતી દરમિયાન ૭૪૦ રૂપીયા તેજમ દાવ પરથી ૩૨૦ રૂપીયા મળી કુલ ૧૦૬૦ રૂપીયા જપ્ત કરાયા હતા. પેથાપુર પોલીસે ચારેય શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે માણસા અને કલોલ તાલુકાના આરોગ્ય કર્મીઓ અને અધિકારીઓ સાથે બેઠક કરી ''કોરોના વાયરસ'' સામેના જન-જાગૃતિ અભિયાનને સઘન બનાવવા પર વિશેષ ભાર મુક્યો હતો.

રોગ પ્રતિકારક શકિતમાં વધારો અને યોગની સહાયથી કોરોનાના વાયરસથી બચાવો

કોરોના વાયરસનો સામનો કરવા સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે ત્યારે ગાંધીનગર સ્થિત સેકટર-૪ સૌંદર્ય ૪૪૪ ખાતે યોગ ગુરુ અને મોટિવેશન વકતા વી.કેર ફાઉન્ડેશના પ્રમુખ જે.સી. પટેલ દ્વારા રોગ પ્રતિકારક શકિતમાં વધારો અને યોગ પ્રોગ્રામની સહાયથી કોરોનાના વાયરસથી પોતાને બચાવો અંતર્ગત યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સે-૭-ડીના દુધ સંચાલકે એડવાન્સ રકમ લઈને દુધ કેન્દ્રને બંધ કર્યું

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૭-ડીમાં દુધ વાપરનારી સહકારી મંડળી દ્વારા દુધ કેન્દ્ર સંચાલકને ચલાવવા માટે આપવામાં આવેલ હતું. આ દુધ સંચાલક સેકટર-૭-ડીના મોટાભાગના વસાહતી પાસેથી એડવાન્સ રકમ ઉઘરાવતો હતો. ત્યારબાદ દુધનું વિતરણ કરતા હતા. પરંતુ છેલ્લા ૨૦ દિવસ આ દુધ સંચાલક અનેક બહાનાં બતાવીને દુધ કેન્દ્ર બંધ રાખેલ છે. પરિણામે સેકટર-૭-ડીના વસાહતીઓ મુશ્કેલી અનુભવે છે. વિશેષમાં સે-૭-ડીમાં સીનીયર વયસ્કો વસે છે જેથી દુધ સરળતાથી મળે તે માટે સર્વિસચાર્જ આપીને એડવાન્સ આપેલ છે.

તો સે-૭/૮ના દુધ વાપરનારી સહકારી મંડળીના ડીરેકટરશ્રીએ અંગત રસ લઈને વસાહતીઓના ડુબેલા નાણાં પરત અપાવવા મદદ કરવી જોઈએ તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે તેમજ આવા દુધસંચાલકો સામે પોલીસ તથા છેતરપિંડીની કાર્યવાહી કરાવવી જોઈએ.

અડાલજ નર્મદા કેનાલ પાસે આધેડ પાસેથી સોનાના દાગીનાની લૂંટ

બે શખ્સો એકટીવા પર આવી ૩ વીટીં અને મગમાળા લૂંટી ફરાર

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર નજીકથી પસાર થતા અડાલજ-મહેસાણા હાઈવે પર નર્મદા કેનાલ પાસે બાલાજી કુટીર નજીક નંબર વિનાના એકટીવા લઈને આવેલા બે શખ્સોએ આધેડને ચક્કુ બતાવી રૂ.૫૦ હજાર મત્તાની લુંટ ચલાવી છે. મોટેરા ખાતે રહેતા આધેડ પાસેથી શખ્સો સોનાની ત્રણ વીંટી અને સોનાની રૂદ્રાક્ષની મગમાળા લુંટી નાસી ગયા હતા. લુંટના બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસ લુંટારુઓને પકડી પાડવા માટે ગુનો નોંધી ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ મોટેરા સ્ટેડીયમ માર્ગ પર અરીહંત બંગ્લોઝ ખાતે રહેતા પ્રવિણકુમાર ચતુરભાઈ સોલંકી (ઉં.વ.૬૨) ગત તા.૧૫ માર્ચના રોજ એકટીવા લઈને પોતાના વતન ડાંગરવા જઈ રહ્યા હતા. ત્યારે બપોરના અઢી વાગ્યાના સુમારે તેઓ અમદાવાદ-મહેસાણા હાઈ-વે પર અડાલજ પાસે નર્મદા કેનાલ નજીક બાલાજી કુટીર પાસે પહોંચ્યા હતા. તે સમયે પાછળથી એક નંબર વિનાનું બ્લેક કલરનું એકટીવા આવ્યું હતું. એકટીવા પર આવેલા બે શખ્સોએ વડીલને એકટીવા ઉભુ રાખવા માટે કહ્યું હતું. ત્યારબાદ એકટીવા પાછળ બેઠેલા શખ્સે ફરીયાદીને એકટીવા કયાંથી લાવ્યા છો કહી પુછતાછ કરી હતી. તે સમયે એકટીવા ચાલક શખ્સે પાસે આવીને ફરીયાદીનો કોલર પકડીને રામપુરી ચાકુ બતાવીને ફરીયાદીને પહેરેલી સોનાની ત્રણ વીંટી રૂ.૨૦ હજારની અને ૩૦ હજારની સોનાની રૂદ્રાક્ષની મગમાળા લઈને નાસી છુટ્યા હતા. લુંટ ચલાવનાર બંન્ને શખ્સો આશરે ૩૫ વર્ષના આસપાસના હતા અને ગુજરાતી ભાષા બોલતા હતા. આ ઘટના થી ડઘાઈ ગયેલા આધેડ ઘરે જતા રહ્યા હતા. જયારે ઘટનાના ત્રણ દિવસે તેઓએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરદારનગરના જમીન દલાલને ફોન પર મળી મોતની ધમકી

જમીન દલાલે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદ સરદારનગર ખાતે રહેતા જમીન દલાલના ઘર પર તાજેતરમાં અસામાજીક તત્વોએ હુમલો કર્યો હતો. જેથી પોતાના જીવને ખતરો હોવાની રજુઆત કરવા પોલીસ ભવન ખાતે આવ્યા હતા. તે સમયે જમીન દલાલને ફોન આવ્યો હતો અને પોલીસ ફરીયાદ પાછી ખેંચી લે નહી તો જાનથી મારી નાખવાની ધમકી તેમજ અપશબ્દો બોલી ફોન કટ કરી નાંખ્યો હતો. આ ધમકીભર્યા ફોનને પગલે જમીન દલાલે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ સરદારનગર ખાતે રહેતા ૩૬ વર્ષિય જમીન દલાલ અજય હિરાન્દ રાધાણીના ઘર પર તા.૧૬ માર્ચના રોજ રાત્રીના સુમારે રાજુ ગેન્ડી ગેંગના માણસોએ હુમલો કર્યો હતો. બનાવ અંગે અમદાવાદ એરપોર્ટ પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે. ત્યારે આરોપીઓ ખુબ જ માથાભારે તત્વો હોવાથી જીવના જોખમને પગલે જમીન દલાલ ફરીયાદી ગાંધીનગર પોલીસ ભવન ખાતે રજુઆત કરવા માટે આવ્યા હતા. તે સમયે ફરીયાદીને ફોન આવ્યો હતો અને સામેવાળાએ પોતે રાજુ ગેન્ડી ગેંગમાંથી વિજુ બોડી બોલુ છુ તેમ કહ્યું હતું.

પોલીસ ફરીયાદ પાછી નહી ખેંચે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી અપશબ્દો બોલી ફોન કટ કરી દીધો હતો. આ અંગે જમીન દલાલ અજય રાધાણીએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વિજય ઉર્ફે વિજુ બોડી રાજકુમાર ઉત્તમચંદાણી (મારૂતિ એપાર્ટમેન્ટ નરોડા)સામે ધમકી આપવા મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ખેડૂતો માટે મહત્વની જાહેરાત

રાજ્યના ખેડૂતોને નર્મદા યોજના અને કડાણા યોજનામાંથી અપાતી પિયતની સુવિધા વધુ ૨૦ દિવસ સુધી અપાશે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે કિસાનોના હિતને વરેલી રાજ્ય સરકારે ખેડૂતોને સહાયરૂપ થવા અનેકવિધ નિર્ણયો કર્યા છે. ત્યારે ચાલુ સીઝનમાં ખેડૂતોને પાક બચાવવા માટે નર્મદા યોજના અને કડાણા યોજનામાંથી સિંચાઈ માટે અપાતું પાણી વધુ ૨૦ દિવસ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે ખેડૂતોના ઉભા પાકને બચાવવા માટે ધારાસભ્યો, ખેડૂત આગેવાનો, કિસાન સંઘ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને મારી સમક્ષ નર્મદાનું પાણી અગાઉ તા. ૧૫મી માર્ચ-૨૦૨૦ સુધી આપવાનો નિર્ણય થયો હતો તે વધુ ૨૦ દિવસ આપવા માટે રજુઆત કરી હતી તેને ધ્યાને લઈને રાજ્ય સરકારે ખેડૂતોની લાગણી અને જરૂરીયાતને ધ્યાનમાં રાખીને નર્મદા યોજના અને કડાણા યોજનામાંથી પિયત માટે અપાતુ પાણી વધુ ૨૦ દિવસ એટલે કે તા. ૫-૪-૨૦૨૦ સુધી આપવાનો નિર્ણય કર્યો છે.

સેકટર-૨૧ એમએલએ કવાટર્સમાંથી બુલેટની ચોરી

શહેરના સેકટર-૨૧ ખાતે આવેલા ધારાસભ્યના નિવાસસ્થાન ખાતેથી બુલેટ ચોરીની ઘટના સામે આવી છે. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરનો દિકરો મિત ધારાસભ્યના નિવાસસ્થાન બ્લોક નં.૧૫-૩ ખાતે રહે છે. મિત એલડીઆરપી કોલેજ સેકટર-૧૫ ખાતે એન્જીનિયરીંગમાં અભ્યાસ કરે છે. મિત પાસે જી.જે.૩૧. સી.૮૦૫૫ નંબરનું વર્ષ ૨૦૧૬ નું રોયલ એનફીલ્ડ બુલેટ હતું. મિત અભ્યાસઅર્થે આવનજાવન માટે તેનો ઉપયોગ કરતો હતો.

સે. ૨૪માં સમસ્ત રાજસ્થાન સમાજનો પરંપરાગત ગેર-દાંડિયા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના સેક્ટર-૨૧ શાકભાજી માર્કેટ એસોસિએશન તથા નરેશ ઉનાજી પ્રજાપતિ અને મુપાજી પ્રજાપતિ દ્વારા સેક્ટર-૨૪માં પારંપરિક ગેર-દાંડિયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમસ્ત રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માળી, મહામંત્રી મુકેશકુમાર વ્યાસ, ઉપપ્રમુખ માંગીલાલ ગુર્જર, માધુભાઈ પ્રજાપતિ સહિત અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમસ્ત રાજસ્થાન સમાજના પરિવારોએ ઉપસ્થિત રહી ગેર-દાંડિયાનો આનંદ માણ્યો હતો.

વોક ઈન ઈન્ટરવ્યુ

એન.એચ.એમ. પ્રોગ્રામ અંતર્ગત કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગર હસ્તકની ધી અર્બન હેલ્થ સોસાયટી ખાતે ૧૧ માસના કરાર આધારિત અને માસિક ફિક્સ મહેનતાણાથી સ્ટાફ નર્સની ૨ જગ્યા તથા ફાર્માસીસ્ટની ૧ જગ્યા તથા એફએચડબલ્યુની ૨ જગ્યા ભરવાની હોઈ લાયકાત ધરાવનાર ઉમેદવારોએ નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળ પર હાજર રહેવાનું રહેશે. પસંદગી અંગેની તેમજ ઈન્ટરવ્યુ અંગેની તમામ સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે. લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારે જરૂરી તમામ અસલ ડૉક્યુમેન્ટ અને અરજી સાથે નીચે જણાવેલા સરનામે હાજર રહેવાનું રહેશે.

હાજર રહેવાનું સ્થળ અને સમય :
ધી અર્બન હેલ્થ સોસાયટી, ગાંધીનગર મહાનગરપાલિકા, પ્રથમ માળ, એમ.એસ. બિલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સમય : ૨-૦૦ કલાકે, તારીખ : ૨૧/૩/૨૦૨૦

સ્થળ : ગાંધીનગર
તા. ૧૭/૩/૨૦૨૦
માહિતી/૨૫૭૭/૧૯-૨૦

મેમ્બર સેક્રેટરી (યુ.એચ.એસ.) અને મેડીકલ ઓફિસરશ્રી (આરોગ્ય) ગાંધીનગર

શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ

અધિસુચન

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (શામળાજી) (પ્ર.ફે.)

શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ નં. ૧૬ મુજબ મોજે: શામળાજી, બહેચરપુરા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (શામળાજી) (પ્ર.ફે.)ના ઈરાદાની જાહેર પ્રસિદ્ધિ આપવા બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (શામળાજી) (પ્ર.ફે.) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ નં.૧૬ મુજબ નીચે જણાવ્યું મુજબનાં અંતિમખંડોને આવરી લેતી નગર રચના યોજના (પ્ર.ફે.) બનાવવાનો ઠરાવ શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની તા. ૧૨/૩/૨૦૨૦ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં.૧ થી કરેલ છે.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૪૧(૧)ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી જાહેર કરી અધિનિયમની કલમ-૪૧(૩)ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની ઉપરોક્ત સરનામે આવેલ કચેરીમાં કામકાજના દિવસોએ કચીરેના સમય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (શામળાજી) (પ્ર.ફે.) વિસ્તારની ચર્તુસીમા નીચે મુજબ છે.
ઉત્તરે : મોજે : શામળાજી, તા. ભિલોડા, જી. અરવલ્લીનો સીમાડો તથા સ.નં.૩૯ અને અન્ય રેવન્યુ વિસ્તાર
દક્ષિણે : મોજે : દોલતપુર, તા. ભિલોડા, જી. અરવલ્લીનો રેવન્યુ વિસ્તાર
પૂર્વે : મોજે : દેવનીમોરી, તા. ભિલોડા, જી. અરવલ્લીનો રેવન્યુ વિસ્તાર
પશ્ચિમે : મેશ્વો નદી

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (શામળાજી) (પ્ર.ફે.)માં આવરી લેવાયેલ અંતિમખંડ નંબરો નીચે મુજબ છે.
શામળાજી : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ ,૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૮૯, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬.
બહેચરપુરા : ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧.

શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની તા. ૧૨/૩/૨૦૨૦ની બોર્ડ બેઠકમાં ઠરાવ નં. ૧

શામાળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૩૬ સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૮/૮/૨૦૧૯નાં જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૦૭ઓફ ૨૦૧૯/ડીવીપી-૩૦૨૦૧૮ - ૧૯૧૫-લ થી મંજુર થઈ અમલમાં આવેલ છે. સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિકાસ યોજનામાં સમાવિષ્ટ મોજે : શામળાજી, બહેચરપુરા વિસ્તારમાં પ્રશ્નવાળી મુસદ્દારૂપ નગર રચના યોજનાનો વિસ્તાર રહેણાંક ઝોન (ઈ-૧), રહેણાંક ઝોન (SZ5), વાણિજ્ય ઝોન, હેરીટેજ પ્રીસીંક્ટ ઝોન (SZ4) ઓપન સ્પેસ એન્જ રીક્રીએશનલ ઝોન તથા પબ્લીક પર્પઝ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં સુઆયોજીત અને સુગ્રંથિત વિકાસ થાય તે ધ્યાને લેતા સત્તામંડળની તા. ૫/૧૨/૨૦૧૯ની બોર્ડ બેઠકનાં ઠરાવ નં.૧ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (શામળાજી) (પ્ર.ફે.) તૈયાર કરવા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો બદ અંગે પરામર્શ મેળવવા સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવેલ. જેનાં અનુસંધાને મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૫/૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક : નરયો / નં.૧ (શામળાજી) (પ્ર.ફે.) / કલમ (૪૧)(૧) / પરામર્શ/ઉ.ગુ. / ૬૬૮થી પરામર્શ મળેલ છે.

ઉપરોક્ત વિગતે મોજે : શામળાજી, બહેચરપુરા વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. (શામળાજી) (પ્ર.ફે.)નો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ ઈરાદો જાહેર કરવા સત્તામંડળની બોર્ડ બેઠકમાં રજૂ કરેલ મુદ્દા અંગે વિગતવાર ચર્ચા - વિચારણા કરીને મુસદ્દારૂપ નગર રચના યોજના નં. (શામળાજી) (પ્ર.ફે.)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ ઈરાદો જાહેર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને અધિનિયમની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરી જમીન માલિકોની સભા બોલાવવા તેમજ અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ પ્રસિદ્ધ કરવા સુધીની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી સત્તાધિકારી, શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ (સાડા)ને આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ક્રમાંક : મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ (શામળાજી) (પ્ર.ફે.) તા. ૧૭/૩/૨૦૨૦

મુખ્ય કારોબારી સત્તાધિકારી,
શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ,
અને પ્રાંત અધિકારી, મોડાસા

સરનામું : શામળાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ(સાડા), રૂમ નં. એજી/૦૧, બ્લોક નં.એ, ભોંયતળિયે, જિલ્લા સેવાસદન, મોડાસા, અરવલ્લી - ૩૮૩૩૧૫

નોંધ : સદરહુ અધિસુચન સરકારશ્રીનાં તા. ૧૬/૩/૨૦૨૦નાં સોમવારે એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ-૨ના પૃ.૮૮ તથા ૮૯ ઉપર પ્રસિદ્ધ થયેલ છે.

નામાનિ/હિંમત/૫૩૬/૨૦